<u>ક્રિ. કેસ નંબરઃ ૩૫૦૧૨૪૦/૨૦૧૨.</u>

આંકઃ૧ નીચે હુકમ :–

---

કેસનુ રેકર્ડ વંચાણે લેતા હાલનો કેસ મુળ ૧૯૯૭ના વર્ષમાં દાખલ થયાનુ જણાયેલ છે, આ કેસના કામે ફરીયાદીને કોર્ટ સમક્ષ હાજર થવા સારૂ કોર્ટ ધ્વારા એક કરતા વધારે વખત નોટીસો કરવામાં આવેલ છે. તે બાદ ફરીયાદપક્ષ તર્ફે તેઓના પ્રતિનીધી તથા વિ.વ.શ્રી કે.વી. રાણા હાજર રહેલ છે. તેઓ ધ્વારા આ કામ નિયમીત રીતે આગળ ચાલે તેવો પ્રયત્ન થયાનુ જણાયેલ નથી. આજરોજ ફરીયાદી કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નથી.

રેકર્ડકીય વિગત નજર સમક્ષ રાખી ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૬ વંચાણે લીધી, સદર કલમની જોગવાઈ જણાયેલ કાયદાકીય પ્રાવધાન વંચાણે લેતાં, તેમાં જણાવેલ છે કે, સમન્સ કેસના કામે સુનવણી માટે કામ મુલત્વી રેહેલુ હોય તેવા સમયે ફરીયાદી હાજર ન થાય તો મેજીસ્ટ્રેટ કોઈ કારણસર કેસની સુનવણી બીજા કોઈ દિવસ પર મુલત્વી રાખવાનુ યોગ્ય લાગે તે સિવાય આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવુ જણાવેલ છે.

આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાંના હોય તો તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. ત્યારે રેકર્ડકીય સમગ્ર હકીકત નજર સમક્ષ રાખતા નીચે મુજબ હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

<u>:: હુ ક મ ::</u>

હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે રદ કરવામાં આવે છે અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

(વિનોદકુમાર દિનુભાઈ પટેલ)
એડી.ચીફમેટ્રોપોલીટનમેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટનં.૩૭,અમદાવાદ.
GJ 01148

તા.૧૯/૧૦/૨૦૨૩
અમદાવાદ.